વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્ર (મહેસૂલ)માંથી SDRF
હેઠળ ગ્રાન્ટ ફાળવવા બાબત

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
હુકમ ક્રમાંક: **બજટ/૧૦૨૦૨૦/૧૮૮/સ-૪**
સચિવાલય, ગાંધીનગર
તા.૦૩/૦૬/૨૦૨૧

વંચાણે લીધા:
(૧) નાણા વિભાગનો તા.૦૩.૦૪.૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક:અપબ/ ૧૦૨૦૨૦/ ૧૧૧/ ક
(૨) ભારત સરકારનાગૃહ મંત્રાલયનો તા.૦૮/ ૦૪/ ૨૦૧૫નો પત્ર ક્રમાંક નં. 32-7/2014-NDM-I
(૩) મહેસૂલ વિભાગનો તા.૨૭.૦૪.૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩
(૪) મહેસૂલ વિભાગની ફાઇલ ક્રમાંક: CLS/102021/571/S-3 પર તા.૦૨.૦૬.૨૦૨૧ના રોજ મળેલ State Executive Committeeની મંજૂરી.

**હુકમ:**

રાજયમાં મે-૨૦૨૧માં આવેલ Tauktae વાવાઝોડાથી અસરગ્રસ્ત થયેલ ખેડૂતોને સહાય કરવા માટે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવેલ છે. કૃષિ રાહત પેકેજ હેઠળ SDRFમાંથી ગ્રાન્ટ મેળવવા માટે કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા પ્રથમ તબક્કે રૂ. ૧૧૫૨૪.૬૧ લાખની ગ્રાન્ટ મેળવવા State Executive Committee સમક્ષ દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેને વંચાણે લીધા (૪)થી મંજૂરી આપવામાં આવેલ છે.

આથી માંગણી ક્રમાંક: ૭૯, મુખ્ય સદર: ૨૨૪૫ હેઠળના પેટા સદર ૦૨-૮૦૦-૦૬ (હેતુ સદર સી-૪) (નાંના અને સીમાંત ખેડૂતોને સહાય) સદરે રૂ**. ૧૧૫૨૪.૬૧ લાખ (અંકે રૂપિયા એકસો પંદર કરોડ ચોવીસ લાખ એકસઠ હજાર પુરા)**ની ગ્રાન્ટ SDRFમાંથી કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગને નીચે દર્શાવેલ શરતોને આધીન ફાળવવામાં આવે છે.

શરતો :

- લાભાર્થીને સહાયની ચૂકવણી મહેસૂલ વિભાગના તા.૩૦.૦૬.૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૭/GOI-42/સ.૩ની જોગવાઇઓને આધારે કરવાની રહેશે. આ ઠરાવની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- આ ગ્રાન્ટ અંગેનો ખર્ચ/ફાળવણી વંચાણે લીધા (૨) અને (૩) ની જોગવાઇઓને ધ્યાને લઇને કરવાનો રહેશે.
- આ અંગેના તમામ હિસાબો રાહત નિયમકની મુખ્ય હિસાબી અધિકારીશ્રીની કચેરીના હસ્તકની આર.એ.સેલને નિભાવવાના થતા હોઇ, કરેલ ખર્ચના હિસાબો પછીના માસની પાંચ તારીખ સુધીમાં રાહત નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરને અચૂક મોકલવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયેશ પંચાલ))
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,

- ઉપ સચિવશ્રી (બજેટ) કૃષિ, ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવલાય, ગાંધીનગર.
- મુખ્ય હિસાબી અધિકારી, રાહત નિયામકની કચેરી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના-

- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નાયબ એકાઉન્ટન્ટ જનરલની કચેરી, ઓડીટ ભવન સામે, નવરંગપુરા, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઓડીટ-૧, એનેક્ષી બિલ્ડીંગ, રાજકોટ
- સેકશન અધિકારી (સ-૩) મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ સ-૪ શાખા